કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

પરિપત્ર ક્રમાંક : બમશ/૧૧૧૫/૬૨૭/ગ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૧૬.૫.૨૦૧૭

વંચાણે લીધા :

(૧) સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૦.૯.૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૬/૨૯૨/ક.

(૨) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૪.૪.૨૦૧૭નો પત્ર ક્રમાંક : ઘ/અનદ/માધ્ય/૨૦૧૬-૧૭/૬૬૭૮.

પરિપત્ર :

સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૦.૯.૨૦૧૬ના વંચાણે લીધા ક્રમાંક : (૧)ના ઠરાવથી કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી પરીક્ષા પાસ કરનાર કર્મચારીઓને મૂળ પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા અંગે ઠરાવવામાં આવેલ છે. આ જોગવાઇનો અમલ રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં પણ લાગુ પાડવા અંગે કમિશનરશ્રી, શાળાઓની કચેરીએ તારીખ ૪.૪.૨૦૧૭ના વંચાણે લીધા ક્રમાંક : (૨)ના પત્રથી દરખાસ્ત કરેલ હતી જે અન્વયે સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૦.૯.૨૦૧૬ના વંચાણે લીધા ક્રમાંક : (૧)ના ઠરાવની જોગવાઇઓ રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં પણ લાગુ પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૦.૯.૨૦૧૬ના ઠરાવની જોગવાઇઓ રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં નીચેની શરતોએ લાગુ પાડવાની આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

(૧) જે બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની લંબાવેલી મુદત એટલે કે તારીખ ૩૧.૧૨.૨૦૧૩ સુધીમાં પરીક્ષા પાસ કરી શક્યા નથી, તેમના કિસ્સામાં તારીખ ૧.૧.૨૦૧૪ થી તારીખ ૩૦.૬.૨૦૧૬ દરમ્યાન સરકાર માન્ય પરીક્ષા કેન્દ્રો દ્વારા લેવાયેલ કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી/સીસીસી પ્લસની પરીક્ષા પાસ કરેલી હશે તથા ઉચ્ચતર પગાર ધોરણ માટેની અન્ય

શ્રી પંચાલ
8
20/5/17

E:\Dilip\2017\627 G.Docx

જોગવાઇઓ સંતોષતા હશે તો તેઓને તેમની ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

(૨) ઉક્ત સમયગાળા દરમ્યાન લેવાયેલ પરીક્ષા પાસ કરી હોય અને અગાઉ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરીક્ષા પાસ કર્યા તારીખથી મંજુર કરાયેલ હોય તો તેવા કિસ્સાઓમાં ફેરફાર કરી ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતાની તારીખથી તે મંજુર કરવાનો રહેશે.

(૩) તારીખ ૩૦.૬.૨૦૧૬ બાદ જે તારીખે પરીક્ષા પાસ કરી હોય તે તારીખથી અન્ય શરતો પૂર્ણ કરવાને આધિન, ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

આ સુચના આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તારીખ ૨૯.૪.૨૦૧૭ની નોંધથી મળેલ સુચના મુજબ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

(કે.એમ. પુરોહિત)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા.મા. અને પ્રૌ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ આ અંગે આગળની કાર્યવાહી કરવા સારૂ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી(નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા માટે.
- નાયબ સેકશન અધિકારી.
- સિલેક્ટ ફાઈલ.